# લીલાવતી હૉસ્પિટલ દ્વારા 'રોશની મોતિબિંદુ સેવા'ની પહેલનો આરંભ

મુંબઈ : લીલાવતી હૉસ્પિટલ ઍન્ડ રિસર્ચ સેન્ટરે રોશની કેટરેક્ટ સર્વિસના સહયોગથી વંચિત વ્યક્તિઓ માટે નિઃશુલ્ક નેત્ર તપાસણી અને મોતિયાના ઑપરેશનની નવી પહેલ 'રોશની મોતિબિંદુ' શરૂ કરાઈ છે. આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન હૉસ્પિટલના સંસ્થાપક રાજીવ મહેતા, સીઓઓ નીરજ ઉત્તમાની, નેત્ર રોગ વિભાગના ડૉક્ટરોની ટીમે કર્યું હતું. ભારતમાં મોતિયાના કારણે આંધળાપણું અને દૃષ્ટિહાનિની સમસ્યા વધી રહી છે. સર્જરી વગર મોતિયાની ગંભીર અસર થાય છે. મોતિયાની સર્જરી એકમાત્ર ઉપાય છે. સમયસર મોતિયાનું નિદાન અને સારવાર કરવાથી દૃષ્ટિહાનિથી બચી શકાય છે. આ પ્રસંગે રાજીવ મહેતા અને નીરજ ઉત્તમાનીએ પ્રાસંગિક પ્રવચન કર્યાં હતા.